ગાંધીનગર સમાચાર

સચિવાલય ગેટ નં. ૧ બહારથી 'આપ'ના કાર્યકરોની અટકાયત

# ગ્રામ પંચાયતના બીજા તબક્કામાં પણ ૮૦ ટકા મતદાન

## પલીયડમાં ઈવીએમ ખોટકાયુ ; મતદારોની વહેલી સવારથી જ લાઈનો ; લીવ રિઝર્વ સ્ટાફને પણ મતદારોને હાલાકી ના પડે તે માટે ફરજ પર મુકાયા



માણસા તાલુકાના પરબતપુરા ગામે ૮૦થી પણ વધુની આયુ ધરાવતા એક માડી ટ્રાયસિકલ લઈ મતદાન કરવા પહોંચ્યા હતા તેમણે કલેક્ટર સતીષ પટેલ, અધિક કલેક્ટર અમૃતભાઈ પટેલ અને અન્ય અધિકારીઓ સાથે મતાધિકારનો ઉપયોગ તેઓ અચૂક કરે જ છે તેવી વાતો સાથે વિવિધ ચૂંટણીઓની કેટલીક વાતો પણ કરી હતી.

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની ૮૯ ગ્રામ પંચાયતોની બીજા તબક્કાની સામાન્ય ચૂંટણીમાં ૮૦ ટકા જેટલુ ભારે મતદાન નોંધાયુ છે. જો કે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થતાં તંત્રએ હાશકારો લીધો છે.

આજે સવારે ૮ વાગે મોકપોલ કરાયા બાદ આ ચૂંટણીના મતદાનનો પ્રારંભ થયો હતો. વહેલી સવારથી જ ગ્રામજનોએ ઉત્સાહભેર મતદાન માટે લાઈનો લગાવી દીધી હતી. વોર્ડના સભ્ય તેમજ સરપંચ પદ માટે અલગ અલગ ઈવીએમ રખાયા હોવાથી મતદારોને મતદાન માટે સમય થોડોક વધારે જરૂર લાગતો હતો પરંતુ મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહેવા પામ્યુ છે.

કલોલ તાલુકાના પલીયડ ગામે ઈવીએમ ખોડકાતાં ટીમે પહોંચી અને તુરત જ ઈવીએમ બદલી મતદાન આગળ ચાલ્યુ હતુ. ગામમાં સાંજે ૭૬ ટકા કરતાં વધુ મતદાન નોધાયુ હોવાનું જાણવા મળેલ છે.

માણસાના ચરાડા ગામે પણ મતદારોની મોટી લાઈન હોવાથી ચૂંટણી કર્મચારીઓ વધારે મુકવા માટેની રજુઆત જિલ્લાતંત્રને મળી હતી.

માણસા અને કલોલ તાલુકામાં એક હજાર કરતાં વધારે મતદારો જે બુથ પર હોય ત્યાં રિઝર્વ કર્મચારીઓને પણ ફરજ પર મુકવાનો નિર્ણય જિલ્લાતંત્રએ કર્યો હતો અને બપોર પછી આ કર્મચારીઓ ફરજ પર હાજર થઈ ગયા હતા.

આજે મતદાન કરવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં વૃદ્ધો પણ મોટી સંખ્યામાં બહાર નીકળ્યા હતા. કેટલાક તો ટ્રાયસીકલમાં તો પૌત્રના સહારે પણ મતદાન કરવા પહોંચ્યા હતા.

મળતા અહેવાલો પ્રમાણે કલોલ તાલુકામાં સાંજે પાંચ વાગે ૭૮ ટકાથી પણ વધુ મતદાન નોંધાયુ હતુ તો માણસામાં આંક ૮૦ ટકાને પાર કરી ગયો હતો. દહેગામમાં પણ ૭૫ થી ૮૦ ટકા જેટલુ ભારે મતદાન નોંધાયુ હતુ. ગાંધીનગરની એક માત્ર પાલજ ગ્રામ પંચાયતમાં પણ બે વાગ્યા સુધીમાં ૭૩ ટકા જેટલુ મતદાન થઈ જવા પામ્યુ હતુ.

જિલ્લામાં આજે શાંતિપૂર્ણ મતદાન થતાં તંત્રના અધિકારીઓએ હાશકારો લીધો છે. હવે ૧૧મીએ સવારે ૮ વાગે દરેક તાલુકા મથકે મતગણતરીનું કામ હાથ ધરાશે અને બપોરે ૩ વાગ્યા સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ જશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# કોંગ્રેસ સત્તામાં આવશે તો ખેડૂતોના દેવા માફ કરશે : ભરતસિંહ સોલંકી

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષના ભાજપ સરકારના શાસનમાં ખેડૂત વિરોધી નીતિઓને કારણે રાજ્યના ખેડૂતો આર્થિક રીતે પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે તેવો આક્ષેપ કરતાં પ્રદેશ કોંગ્રેસ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ સત્તામાં આવશે તો રાજ્યના ખેડૂતોનું દેવુ માફ કરશે. અને કોંગ્રેસ સરકાર ખેડૂતોની સરકાર હશે.

આજે અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે જ્યારે યુપીએની સરકાર કેન્દ્રમાં હતી ત્યારે ખેડૂતોના ૭૨ હજાર કરોડના દેવા નાબૂદ કરેલ.

તેમણે જણાવ્યુ હતુ કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અન્ય રાજ્યોમાં જઈ કહેતા કે ગુજરાતના ખેડૂતો મારૂતી ફેરવે છે. નળ ખોલશો તો તેલ નીકળશે. લોકસભા ચૂંટણી સમયે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળશે તેવુ વચન આપેલુ પરંતુ આજે ખેડૂતોને કપાસના માત્ર ૮૪૦ રૂ. મળે છે. ટેકાના ભાવમાં ઘટાડો થયો છે.

રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની લડાઈમાં તેઓને ખેડૂતોની વાત દેખાતી નથી તેવો આક્ષેપ કરતા તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેતપેદાશો પર વેટ ઉઘરાવી તેમની ખેડૂત વિરોધી માનસીકતા છે તેવુ દેખાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે જો આગામી ચૂંટણીમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો ખેડૂતોના દેવા માફ કરશે. એક સર્વે નંબરમાં બે વિજ કનેક્શનો આપશે. કૃષિનીતિ માટે મુસદ્દો તૈયાર કર્યો છે અને ચૂંટણી ઢંઢેરામાં તેનો સમાવેશ કોંગ્રેસ કરશે. કોંગ્રેસ સત્તામાં આવશે તો તે ખેડૂતલક્ષી સરકાર હશે.

# સચિવાલય ગેટ નં. ૧ બહારથી 'આપ'ના કાર્યકરોની અટકાયત

## ખેડુતોના પ્રશ્નો અંગે પ્રતિક ઉપવાસ પર બેઠેલા કાર્યકરો પર સરકારે ધ્યાન ન આપતા કાર્યકરો બેનર-હોર્ડીંગ લઈને સચિવાલય પહોંચ્યા

ગાંધીનગર, તા.૮

અમદાવાદના સાણંદ ખાતે ખેડુતો પર થયેલા દમન બાદ આમ આદમી પાર્ટી દ્વારા ખેડુતોના હિતમાં તેમની માંગણીઓ સંતોષાય અને ન્યાય મળે તે હેતુસર ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણી સેકટર-૬માં પ્રતિક ઉપવાસ શરુ કરવામાં આવ્યા છે. ઉપવાસ શરુ કર્યાને દિવસો વિતવા લાગવા છતાં સરકારે તેમના પર ધ્યાન ન આપતા આખરે આજે આમ આદમી પાર્ટીના ઉપવાસી કાર્યકરો નવા સચિવાલયના ગેટ સુધી પહોંચી ગયા હતા.

સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠેલા આમ આદમી પાર્ટીના કાર્યકરો આજે આશ્ચર્યજનક કાર્યક્રમ આપે તેવા ઈનપુટ પહોંચી જતા પોલીસ સવારથી એલર્ટ મોડ પર આવી ગઈ હતી. કાર્યકર બેનર-પોસ્ટર લઈને સચિવાલયમાં ઘુસી વિરોધ પ્રદર્શન કરે અથવા પુતળાદહન કરે તેવી શકયતા હતી. દરમિયાન બપોરે કાર્યકરો બેનર-પોસ્ટરો લઈને નવા સચિવાલય ગેટ નં. ૧ પાસે પહોંચી ગયા હતા. પોલીસ સ્થળ પર પહોંચી ગઈ અને ૧૮ કાર્યકરોને ત્યાંથી ડીટેઈન કરી લીધા હતા. અટકાયત દરમિયાન પોલિસ દ્વારા કાર્યકરો પર તોછડું વર્તન કરવામાં આવ્યુ હોવાનો અને મુખ્યમંત્રીનો સમય માંગ્યો હોવા છતાં પ્રવેશવા ન દઈને હોર્ડીંગ બેનર ફાડી નાંખ્યા હોવાનો આક્ષેપ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવ્યો છે.

# અમદાવાદથી પેઠામલીની અનોખી પદયાત્રાનો સંઘ

## ચૈત્રસુદ-૧૧થી લઈ ચૈત્રી પૂનમે પેઠામલી પહોંચી માતાના મંદિરે ધ્વજારોહણ કરાશે; એમ્બ્યુલન્સ, પાણી અને શરબતની સુવિધા પદયાત્રીઓ માટે; ગામના વડીલો માટે ખાસ ટ્રેક્ટરની ટ્રોલી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના રાજમાર્ગ ગણાતા 'ચ' રોડ પરથી આમ તો ભાદરવી પૂનમના મેળામાં જવા મોટી માત્રામાં પદયાત્રીઓ પસાર થતા હોય છે. પરંતુ આજે ચૈત્રની બળબળતી બપોરે એક અનોખો પદયાત્રા સંઘ પસાર થયો હતો.



અમદાવાદથી પેઠામલી (મીની પાવાગઢ) તરીકે ઓળખાતા વિજાપુર તાલુકાના ગામે આ સંઘ જઈ રહ્યો હતો. છેલ્લા ૨૫ વર્ષથી ચૈત્રસુદ-૧૧થી નીકળે અમદાવાદથી અને ચૈત્રી પૂનમે ગામના મંદિરે જઈ ધ્વજારોહણ કરે.

આ વર્ષે નીકળેલા આ પદયાત્રા સંઘમાં એમ્બ્યુલન્સ વાન, વયોવૃદ્ધ ગ્રામજનો માટે ૧૦ જેટલા ટ્રેક્ટરની ટ્રોલીમાં આરામદાયક બેસવાની સુવિધા, પાણી માટે ખાસ વાહન, શરબત પણ આ પદયાત્રીઓને પીવા મળે તે માટે પણ ખાસ વાહન સહિતની તમામ

● અનુસંધાન પાન-૭ પર




સ્મરણાંજલિ



સ્વ. ચુનીભાઈ મોતીભાઈ પટેલ - વાવોલ

તા. ૯/૪/૧૯૯૨ થી તા. ૯/૪/૨૦૧૭

સ્વજન ગુમાવ્યાની વેદના શબ્દોમાં સમાતી નથી.
તમે હતા તો અમને હુંફ હતી.
તમારી હયાતી અમારું આત્મબળ હતું.
જીવન એવું જીવી ગયા કે સદા સૌ યાદ કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
શું આપીએ પુષ્પાંજલિ, પુષ્પો ઓછા પડે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

ગં.સ્વ. સુભદ્રાબેન ચુનીભાઈ પટેલ

દિલીપકુમાર ચુનીભાઈ પટેલ (ગૌતમભાઈ)
રાગિણીબેન દિલીપકુમાર પટેલ (કલ્પનાબેન)
ઈન્દ્રજીત-કરણજીત

ચંદ્રકાન્ત ચુનીભાઈ પટેલ
અનામિકા ચંદ્રકાન્ત પટેલ
યુગ-હિત

કોકીલાબેન ગૌરાંગકુમાર અમીન
ગૌરાંગકુમાર બચુભાઈ અમીન
પ્રિયંકા - હિતેન

સ્વ. મોતીભાઈ બકોરભાઈ પટેલ સમસ્ત પરિવાર - વાવોલવાળા
ગાંધીનગર - ગુજરાત

જોઈએ છે
અમારી હેડ ઓફીસ માટે

ક્લાર્ક (૧) : મહિલા / પુરુષ
લાયકાત : B.Com.
કોમ્પ્યુટર તથા એકાઉન્ટીંગના જાણકારે અરજી કરવી.
ડ્રાઈવર (૧) : એસ.એસ.સી. પાસ ● સેવક (પટાવાળા) (૧)

સરનામું :
શ્રી ગુજરાત મહિલા ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી, (હેડઓફીસ)
૨૧૯, ત્રીજે માળ, સુપરમોલ-૨, ઈન્ફોસીટી, ગાંધીનગર
ફોન : ૯૮૯૮૬૧૦૨૩૦

ગીતાબેન સંઘાણી
ચેરપર્સન

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ટચુકડી
જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત
માટેનું
અસરકારક
માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com